ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૫ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૦૯-૨૦૧૭ શુક્રવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

### આર્યસમાજ, ભાવનગર અને વૈદિક પરિવાર તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સંયુક્ત ઉપક્રમે

## ભાવનગર ખાતે વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો









આર્યસમાજ, ભાવનગર અને વૈદિક પરિવાર તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ભાવનગર શાખાનાં સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. આર્યસમાજનાં વિશાળ એ.સી. હોલમાં યોજાયેલા આ એક દિવસીય કાર્યક્રમમાં શહેરની પ્રતિષ્ઠિત એવી જ્ઞાનગુરૂ વિદ્યાપીઠનાં ૨૦૦ જેટલા ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સવારે ૧૦ થી સાંજે ૫-૩૦ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે વૈદિક પરિવારનાં ટ્રસ્ટી અને વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી અરવિંદભાઈ રાણાએ સેવાઓ આપી હતી. જ્યારે સહાયક તરીકે વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનાં સંયોજક તરીકે વાડોકાઈ કરાટે-ડો અકેડમીની ભાવનગર શાખાનાં નિયામક શ્રી કમલભાઈ દવેએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઉદ્‌ઘાટન પ્રસંગે આર્યસમાજનાં પ્રધાન શ્રી રાજેષભાઈ પારેખ અને જ્ઞાનગુરૂ વિદ્યાપીઠના સંચાલક મંડળનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનહરભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા. સમાપન પ્રસંગે ગુજરાત રાજ્યનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી, આર્યસમાજનાં મહામંત્રી શ્રી જિગ્નેશભાઈ પટેલ, શાળા પરિવારનાં શ્રી ચેતન ભટ્ટી, શ્રી વિનય પ્રજાપતિ તથા શ્રી પરેશભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.

## ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ










ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે તાજેતરમાં ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્ય સમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની ગુજરાત યાત્રાને ૧૪૨મી વર્ષગાંઠ નિમિત્તે જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આણંદ જિલ્લાની હાઈસ્કુલોના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ, અંતરંગ સભ્યો, શાખા આર્યસમાજના સભ્યો, આમંત્રિતો, નિર્ણાયકો, શાળાના શિક્ષકગણ, વાલીઓ વગેર મળી ૧૨૫ થી વધુ વ્યક્તિઓ સ્પર્ધા દરમ્યાન હાજર રહેલ.

વક્તૃત્વ સ્પર્ધાનો આરંભ વૈદિક પરંપરા મુજબ પં. કનુપ્રસાદ શાસ્ત્રીએ ઈશપ્રાર્થનાના સુમધુર ગાન સાથે કર્યો હતો. આ પ્રસંગે હાજર સૌનું સ્વાગત વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ કર્યું હતું.

આદર્શ પરિવાર અને માનવ સંગઠનના ઉપાયો એવા બે વિષયો ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. નિર્ણાયક તરીકે નિવૃત્ત પ્રોફેસર ડૉ. દિનકર એચ. પટેલ, નિવૃત્ત આચાર્ય શ્રી જયદેવસિંહ એમ. વાઘેલા, નિવૃત્ત આચાર્ય શ્રી સામંતસિંહ ચૌહાણે માનદ સેવાઓ આપી હતી.

વકતૃત્વ સ્પર્ધામાં ધ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુશન, ઉમરેઠની મલેક મુસ્કાનબાનુ સત્તારમીયા અને સેનવા આરતી હસમુખભાઈએ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય નંબર મેળવ્યો હતો.જ્યારે તૃતીય સ્થાને બાપ્સ એસ. વિદ્યામંદિર, બાકરોલના પટેલ વ્રજ રહ્યા હતા.

વિજેતા સ્પર્ધકો પૈકી પ્રથમને રૂા. ૧૫૦૦/-, દ્વિતીયને રૂા. ૧૦૦૦/- અને તૃતીયનો રૂા. ૫૦૦/- રોકડ પુરસ્કાર તથા વૈદિક પાંચ પુસ્તકોનો સેટ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રોત્સાહનરૂપે આર્યસમાજનાં પદાધિકારીગણના હસ્તે આપવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલાએ સ્પર્ધકોનું ઉત્સાહવર્ધન અને માર્ગદર્શન કરી શિક્ષણ ક્ષેત્રે વધુને વધુ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમણે સંસ્થા વતી સ્પર્ધામાં હાજર રહીને સ્પર્ધાને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો હતો. અંતે સંસ્થા દ્વારા પ્રિતી ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# આધ્યાત્મિક માનવી પોતાના ઉપર લગાવવામાં આવેલા સમસ્ત જૂઠા આરોપોને કાન સુધી જ રાખે છે

**ભૂમિકા : ઘણા પુરુષાર્થથી વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. એટલા માટે-**

પાસે રહેલી વસ્તુઓની સુરક્ષા કરવી જોઈએ.

અસાવધાન રહેવું ઠીક નથી. આપની પાસે રહેલી ચીજોની ચોરી ન થવા દેવી જોઈએ. તાત્પર્ય એ છે કે આપણે પોતાના પદાર્થોને ઠીક પ્રકારે રક્ષા કરીએ. પોતાના શરીરની ઠીક પ્રકારે રક્ષા કરીએ. પરંતુ રક્ષા કરવા છતાં પણ, સાવધાની રાખવા છતાં પણ હાનિ થઈ શકે છે. જો હાનિ થાય તો પછી વ્યક્તિએ તેનાં પશ્ચાતાપ, ગ્લાનિ અથવા દુ:ખ વ્યક્ત કરવું ન જોઈએ. એમ તો થાય, થયા કરે છે, આ શાશ્વત સિદ્ધાંત છે, એમ માનીને ચાલવું જોઈએ.

**મૂઢ જેવા બનીને પ્રતિકુળતાઓને પ્રભાવહીન કરીએ.**

ચોરી કોને ત્યાં થતી નથી? બધાને ત્યાં ચોરીઓ થાય છે. કોણ કોના પદાર્થોને ચોરતું નથી? કોની સાથે વિશ્વાસઘાત થતો નથી? કોણ વચનભંગ કરતા નથી, કોણ આરોપ લાગતા નથી, કોણ કોની ઉપર સંશય કરતું નથી, કોણ છળકપટથી યુક્ત થયું નથી? ઘણું કરીએ દરેક વ્યક્તિ કયારેક અને ક્યારેક છળકપટથી યુક્ત થઈ છે અને આગળ પણ થશે. આપણા ઉપર સંશય કરવામાં આવશે, આપણી હાનિ કરવામાં આવશે. આ સમસ્ત પ્રતિકુળ કાર્ય હશે જ. જો તે હશે તો પછી શું ઉપાય? ઉપાય છે જ છે કે તે આત્મા સુધી ન પહોંચે. બસ કાન સુધી રાખવું. આપે એક કહેવત સાંભળી હશે તેને ગમે તેટલું સંભળાવો, તેના કાન પર જૂ પણ ફરકતી નથી. અર્થાત્ તેની અંદર વાત જતી જ નથી. તેના ઉપર કોઈ વાતનો કોઈ પ્રભાવ પડતો જ નથી.

કેટલાક માણસો મૂઢ હોય છે. મૂળ માણસને કેટલુંય સંભળાવો કે - એવું કામ ન કરો, આ ખોટું છે, ખરાબ છે, આ અધર્મ છે, ચોરી છે, છળકપટ છે, પાપ છે, અન્યાય છે, તેના અવગુણો પણ ગમે તેટલા બતાવો છતાં તે સાંભળતો જ નથી. પરંતુ મૂઢ હોવું એ એક ગુણ પણ છે. આ ગુણને આધ્યાત્મિક વ્યક્તિ પોતાના જીવનમાં આ પ્રકારથી અપનાવી લે છે કે કોઈ વ્યક્તિ મારા ઉપર જૂઠો આરોપ લગાવશે, મારી નિંદા કરશે, મારી સાથે વિશ્વાસઘાત કરશે, છળકપટ કરશે તો હું મૂઢની જેમ તેનો કોઈ પ્રભાવ મારા ઉપર પડવા નહિં દવું. જે મૂઢ માનવી હોય છે તે પોતાના ઉપર કોઈપણ પ્રભાવ પડવા દેતો નથી. આપમાં પણ આ ગુણનો કોઈને કોઈ અંશ તો હશે જ. આધ્યાત્મિક માનવી પોતાના ઉપર



**સમસ્યા સમાધાન..**
**- આચાર્ય જ્ઞાનેશ્વરજી**
**અનુવાદ - વાનપ્રસ્થા જયાબહેન**

લગાવવામાં આવેલા સમસ્ત જૂઠા આરોપોને કાન સુધી જ રાખે છે. આવી વ્યક્તિ પોતાના મુખ્ય કાર્યને કરવામાં મસ્ત રહે છે.

આ પ્રકારનાં સામર્થ્યને પ્રાપ્ત કરી શકાય છે. તેને પ્રાપ્ત કરવાનું નામ જ યોગાભ્યાસ છે. જે વ્યક્તિ પોતાના ઉપર લગાવવામાં આવેલાં સમસ્ત ખોટા આરોપ, નિંદા, વિશ્વાસઘાત, છળકપટ, ચુગલી, પ્રતિકૂળતાઓ અને બાધાઓને જેટલાં સહન કરી લેશે, તેટલો જ તેનો રસ્તો પ્રશસ્ત થઈ જશે. જે સહનશીલ નથી તેઓ પોતાની નિંદાથી પ્રભાવિત થઈ જાય છે અને આગળ વધતા અટકી જાય છે. મુશ્કેલીઓને સામે આવેલી જોઈને પોતાના મનની શાંતિને નષ્ટ કરી દેનાર, પ્રસન્નતાને નષ્ટ કરી દેનાર, પોતાની એકાગ્રતાને નષ્ટ કરી દેનાર વ્યક્તિ પોતાના મુખ્ય લક્ષ્યથી હટી જાય છે, જે હાનિકાર છે.

**શાસ્ત્રોનાં રહસ્યોને જાણવાથી યોગી બનવું સરળ થઈ જાય છે.**

શાસ્ત્રો ભણી લીધા પછી, ચિંતન કરી લીધા પછી એટલી સરળતાથી મનની ગૂંચ ઉકેલાઈ જાય છે કે યોગી બનવું ઘણું જ સરળ થઈ જાય છે. સામાન્ય વ્યક્તિ વિચારે છે કે યોગી બનવું ઘણું કઠીન છે. આ ત્યાં સુધી જ કઠીન છે કે જ્યાં સુધી શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યોને જાણીએ નહીં, સમજીએ નહીં, તેનો અભ્યાસ કરીએ નહીં. અભ્યાસ કરી લીધા પછી યોગી બનવું, બનેલા રહેવું અત્યંત સરળ બની જાય છે. તેમાં કોઈ કઠણાઈ આવતી નથી. સ્વસ્વામી સંબંધ છૂટ્યો કે યોગી બની જશો. ઈશ્વર પ્રણિધાન થયો કે યોગી બની જશો. વ્યાપ્ય-વ્યાપક (હું વ્યાપ્ય અને ઈશ્વર મારામાં વ્યાપક) ભાવ બનાવી લો, યોગી બની જશો. વૃત્તિ વૈરૂપ્યમ અર્થાત્ વૃત્તિઓને પોતાનાથી અલગ કરો કે યોગી બની જશો. મનને વશમાં કરવાનું જાણી લો યોગી બની જશો. વિવેકખ્યાતિ ઉત્પન્ન કરી લો, યોગી બની જશો. અવિદ્યા નષ્ટ કરો, યોગી બની જશો. આ યોગી બનવાની સ્થિતિઓ છે. આ સમસ્ત વાતોને દર્શનોના સ્વાધ્યાય, ચિંતન કરીને વ્યવહારમાં લાવીને સંભવ થઈ શકે છે.

જ્યારે કોઈ પદાર્થ માત્રની પણ ઈચ્છા ન રહે તો બાધક શું બચે? બાધક ન રહેવાથી યોગીને કષ્ટ થતું જ નથી. તેની કોઈ ઈચ્છા, અપેક્ષા, કામના રહેતી નથી. જ્યાં સુધી ઈચ્છા રહે છે ત્યાં સુધી કષ્ટદાયક સ્થિતિ બનેલી રહે છે. મનની અંદર કોઈ પદાર્થનાં વિષયમાં સ્વ-સ્વામી સંબંધ ન હોય તો, ન શરીર હોય, ન ઘર હોય, ન પત્નિ હોય, ન ધન હોય તો પછી આપણી પાસેથી કોઈ શું લઈ જવાનું હોય? **(ક્રમશ:)**

## આર્યસમાજ-લખધીરવાસ, મોરબી દ્વારા આધ્યાત્મિક વ્યાખ્યાનો યોજાયા

# ઈશ્વર તરફની ગતિ એટલે કે શ્રેય માર્ગ અને સંસાર તરફની દોટ એટલે પ્રેય માર્ગ : સ્વામી વિવેકાનંદજી




**મોરબી**

દર્શનયોગ મહાવિદ્યાલયના નિદેશક તથા દર્શનાચાર્ય સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજી ગત તા. ૯ તથા ૧૦મી સપ્ટેમ્બરના રોજ આર્યસમાજ મોરબી ખાતે બે દિવસીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીજીના આ બે દિવસીય કાર્યક્રમમાં આર્યસમાજ મોરબી દ્વારા 'શ્રેય માર્ગ અને પ્રેય માર્ગ તથા શંકા-સમાધાન' તથા 'નિરાકાર ઈશ્વરની ઉપાસના તથા યજ્ઞ-ભજન-શંકા-સમાધાન'ના કાર્યક્રમા યોજાયા હતા.



તા. ૯મીના રોજ શનિવારે રાત્રે ૮:૪૫ થી ૧૦:૧૫ દરમ્યાન આર્યસમાજ મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદજીએ 'શ્રેય માર્ગ અને પ્રેય માર્ગ' ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ૭૦ થી વધુ ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત શ્રી રમેશભાઈ પારેખના વૈદિક ભજનથી કરવામાં આવી હતી. ત્યાર બાદ આર્યસમાજ મોરબીના પ્રમુખ શ્રી ઘનશ્યામસિંહ ચુડાસમા તથા મોરબીના સેવાભાવી કાર્યકર શ્રી અશોકભાઈ પરમાર તથા શ્રી નવીનભાઈ પરમારે (અનુ. પાન-૩ ઉપર)

# અછતની છત માણસને ઘડનારી મોટી 'વર્કશોપ' છે



**ચિંતનની ક્ષણો....**

**- ડો. ચંદ્રકાન્ત મહેતા**

એક ઉંચો, કદાવર અને હૃષ્ટપુષ્ટ લાગતો માણસ બસ સ્ટેન્ડે ઉભોઉભો પોતાની ગરીબી અને લાચારીને ધિક્કારી રહ્યો હતો અને રંકને આ દુનિયામાં જીવવાનો કોઈ જ અધિકાર નથી, એવો નિરાશાભર્યો ફરિયાદસૂર વ્યક્ત કરી રહ્યો હતો !

જીવનનો પરજયભાવે વિચાર કરી એની નિંદા કરે એ માણસ જેવો બીજો રંક કોણ? માણસનું દિમાગ કે બુદ્ધિ ગમે તેટલી સક્ષમ હોય પણ તેની વૃત્તિ અકિંચન-ગરીબડી હોય તો એ માણસ જીવનભર આંસુના દુર્વ્યય સિવાય બીજુ કશું જ નહીં કરી શકે. ખરો શ્રીમંત કે તવંગર માણસ એને જ કહી શકાય કે જેની શ્રદ્ધામાં શ્રીમંતાઈનું ઓજસ હોય. જીવન પ્રત્યેની સંકુચિત, ક્ષુદ્ર અને રોદણાંભરી દૃષ્ટિ, માણસને ગતિ અને પ્રગતિની તમામ શક્યતાઓથી વંચિત રાખતી હોય છે.

માણસે બહારથી સમૃદ્ધ થવા માટે પણ આંતરિક રીતે તો સમૃદ્ધ થવું જ પડે. કીર્તિ અને ધન નિર્વીર્યનો રળતરનો વિષય નથી. કાર્યશક્તિ પરનું પ્રભુત્વ અને વિપદાને વરદાનમાં પલટાવવાની આદત જ માણસને રંકમાંથી રાજરાજેશ્વર બનાવી શકે છે. પદવીનાં પ્રમાણપત્રો હોય પણ કોઠાસૂઝ ન હોય, સ્થાન મળ્યું હોય પણ પડકારો ઝીલીને આગળ વધવાનું સામર્થ્ય ન હોય, ધંધામાં માણસ પડ્યો હોય પણ આત્મવિશ્વાસ, કુનેહ, નિર્ણયશક્તિ અને પરિશ્રમની પ્રબળ વૃત્તિ ન હોય તો માણસ જીવનમાં કશું જ હાંસલ નહિં કરી શકે ! પદવીધારી બન્યા છતાં પામરતાથી તમારો પીંડ મુક્ત ન હોય તો પ્રમાણપત્ર તમારી પવિત્રતાનો વિજયધ્વજ ક્યાંથી ફરકાવી શકે ?

એટલે રૂસોએ કહેલી વાત સ્વીકારવા જેવી છે કે માણસ તરીકે ફરજ બજાવવા માટે જે કોઈ શિક્ષિત થયો છે તે પોતા સાથે સંકળાયેલાં કામ માટે ખરાબ રીતે ઘડાયો ન હોય. મારા વિદ્યાર્થીઓ લશ્કર, મંચ કે હોટેલ માટે તૈયાર થાય તે બાબત મારે મન મહત્વની નથી. કુદરતે આપણે આપણા સામાજિક લક્ષ્યો નક્કી કરીએ તે પહેલાં માનવીય જીવન જીવવા માટે ઘડ્યાં છે. સૌથી પહેલાં તેમને મનુષ્ય થવા દો.

એટલે મૂળ વાત છે માણસની શક્તિ અને ગૌરવના પ્રગટીકરણની. કામનો અધિકાર મળે તે માટે, બુમબરાડા પાડનાર લોકો 'કામના અધિકારી' બનવા પ્રત્યે કેટલા બેદરકાર હોય છે ! તળિયે રહીને પણ બળિયા બની શકો તો જ ટોચને લાયક ઠરી શકો.

આજના માનવીની કરૂણતા એ છે કે એણે વાસ્તવિકતાની માટી પર પગ મૂક્યા વગર જ રાતો રાત ટોચને લાયક બની જવું છે. આ પણ એક પ્રકારની દરિદ્રતા જ છે. જેઓ ધરતીની ઉપેક્ષા કરીને કેવળ આભમાં ઉડે છે એને આભ સંઘરતું નથી. તેઓ ભમે છે, ભટકે છે, રઝળે છે પણ ઠરતા નથી !

જીવન સાથેનો નાતો મજબુત નહીં હોવાને કારણે જ માણસ લાચારી અને ભયનો અનુભવ કરતો હોય છે. જીવન સાથેનો નાતો કપાયાની નિશાની એક જ છે : શ્રેષ્ઠતાના આગ્રહની સદંતર ઉપેક્ષા ! સર્વત્ર 'ચાલશે, વાંધો નહીં, એ તો એમ જ ચાલે'ની ઢીલી નીતિનો વટભેર પ્રચાર થઈ રહ્યો છે ! સમયપાલનનાં આગ્રહનો અભાવ, નાનીમોટી વાતમાં નૈતિક પવિત્રતાના પરિપાલનના આગ્રહનો અભાવ ! આ બધાનો સરવાળએ આપણને 'મહારંક' બનાવી દીધા છે. રૂઆબદાર વસ્ત્રો, વાણી વર્તનમાં રંકતા, મોટી પદવી કે પદ, પણ ચારિત્ર્યમાં રંકતા, પૈસાની રેલમછેલ પણ માનવતાની રંકતા ! અંકતાએ આડો આંક વાળી દીધો છે. તર્કમાં શૂરા પણ આચારણમાં સાવ અધૂરા માણસોની વધતી જતી વણજાર ! ગાંધીજી એટલે જ કહેતાં કે સો મણ તર્ક કરતાં એક અધોળ આચરણ ચડે છે !

માણસ પોતે રંકત્વની મનોવૃત્તિ કારણ કરીને તક નહીં આપનાર ઈશ્વરને નિંદે એ ક્યાંનો ન્યાય ? માણસને જોઈએ એટલું અન્ન પકવવા ધરતી આપી છે, સાગરખેડુ બનવું હોય તો ખૂંદતા થાકો નહીં એટલો સાગર આપ્યો છે અને એ બધું પણ પોતે ઉત્પન્ન કરેલા માણસોને પેટ

**આજના માનવીની કરૂણતા એ છે કે એણે વાસ્તવિકતાની માટી પર પગ મૂક્યા વગર જ રાતો રાત ટોચને લાયક બની જવું છે.**

પૂરતું મળી રહે તેની કાળજી રાખીને ! એનો અલ્પ ઉપયોગ કરીને સાહસ, શૌર્ય અને મહેનત કરવાના સંકલ્પને અભાવે ઠંડીમાં બેસીને થરથર્યા કરીએ તો આપણા જેવો બીજો હતભાગી કોણ ? સંકલ્પ જ જીવનની કાયાપલટ કરી શકે છે.

પોતાનુ મૂલ્ય ન સમજે તે મામૂલી. આવા મામૂલઓ સામે ચાલીને દુર્ભાગ્યનાં યજમાનો બનતા હોય છે.

જેનું અનુભવ જગત જેટલું સમૃદ્ધ, તે માનવી અંદરથી એટલો જ સમૃદ્ધ. પરંતુ વામણા લોકો આપત્તિનાં વાયરા ફૂંકાવાની શક્યતાથી અનુભવપ્રાપ્તિનાં મોકાથી દૂર રહેવામાં પોતાનું શાણપણ સમજતા હોય છે. આવા લોકો રંક રહે તેમાં નવાઈ શી? કારણ કે રંકત્વ એમની રગરગમાં વ્યાપેલું છે ! ફ્રેંકલીન એટલે જ અનુભવને મહાવિદ્યાલય માને છે. મૂર્ખાઓ હંમેશા ઠોઠ રહે તો એમાં વિદ્યાલયનો શો વાંધ?

છતની લત માણસની ઘડતરયાત્રાનું સૌથી મોટું વિઘ્ન છે. એટલે જ 'સફળતાના રહસ્ય'માં કહેવામાં આવ્યું છે : 'ઓ અછત, તું અમારી મહાન શિક્ષક છે. તેં પ્રજાઓને શિક્ષણ આપ્યું છે.' તેં માણસને અનિશ્ચિતતામાં શિક્ષણ આપ્યું છે અને સુંદર સ્વપ્નાં દેખાડી નિશ્ચિતતા તરફ ધકેલ્યા છે. હે અછત, તેં ઘણા આત્માઓની બહાદુરી પ્રગટ કરી છે અને નિઃસ્વાર્થ ભક્તિ પ્રાપ્ત કરી છે. તેં ગુલામીમાં સ્ત્રીઓને સબડતી જોઈ છે અને અનેક સન્નારીઓ જગતને અર્પણ કરી છે. તેં અમને આકાશ સુધી જેનાં ઉન્નત મસ્તક વિસ્તરે છે, એવા આત્માઓની ભેટ ધરી છે.

વ્યાસ હોય કે કાલિદાસ, અછતની ડાળે બંધાયેલ જીર્ણ વસ્ત્રનાં ઘોડિયામાં ઝૂલીને જ મોટા ગજાના માનવીઓ બની શક્યા છે. અછતની છત માણસને ઘડનારી મોટી 'વર્કશોપ' છે. એમાં નહીં ઘડાવાની દાનત રાખનાર રંક રહે છે અને દીપાવાની દાનતને અભાવે જ કલાકૃતિ બનાવને લાયક લોખંડનો ટૂકડો ભંગાર લાયક બની જતો હોય છે. ચિત્તની એકાગ્રતાનો અભાવ જ આપણા હાથમાંથી વિકાસની અનેક શક્યતાઓ સરી જવાનું નિમિત્ત બને છે. તંગીના વિચારને તિલાંજલિ એટલે પ્રગતિને સ્વતંત્રાંજલિ, તંગીના વિચારોનો પરિત્યાગ કરવાથી જ કાર્ય પ્રત્યેનો સાચો અનુરાગ, તન્મયતા અને સંનિષ્ઠા પ્રગટે છે! જગતમાં સારી વસ્તુઓ નથી એમ કહેનારે યાદ રાખવું જોઈએ કે, તેને સારી વસ્તુઓ મેળવતા આવડતું નથી ! જે વસ્તુ મેળવવા માટે આપણે હૃદયથી સમર્પિત બનીએ તે વસ્તુ આપણે વહેલામોડા પણ મેળવી શકીએ છીએ. ત્યાં સુધી પ્રતિક્ષા નહીં કરવાની દાનત જ માણસને દીન અને ગમગીન બનાવે છે.

સત્યતા, નિયમિતતા, સ્થિરતા અને ઉચિત શીઘ્રતા - આ ચાર મહાશક્તિઓ જીવનમાં મબલક સુખ અને સમૃદ્ધિ ખેંચી લાવનાર મહત્વનાં પરિબળો છે. આ પરિબળોને પોતાનું બળ બતાવનાર કદાપિ નિર્બળ રહી શકે નહીં. તમે કાષ્ટખંડ તરીકે પડ્યા રહો તો કયું લોહચુંબક તમને આકર્ષી શકે ? જેટલા વિશ્રામગૃહો વધશે તેટલા પરિશ્રમાલયો ઘટશે.

## ઈશ્વર તરફની ગતિ.......

(પાન-૨નું શેષ)

સ્વામીજીનું ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ સ્વામી વિવેકાનંદજીએ શ્રેય માર્ગ અને પ્રેય માર્ગનો ભેદ કઠોપનિષદના આધારે દ્રષ્ટાંતો સાથે સમજાવતા કહ્યું હતું કે ઈશ્વર તરફની ગતિ એટલે કે શ્રેય માર્ગ અને સંસાર તરફની દોટ એટલે પ્રેય માર્ગ.આપણે ભૂતકાળમાં પણ શ્રેય માર્ગ ઉપર ચાલતા હતા અને ભવિષ્યમાં પણ આપણે ચાલવું જ પડશે. તો ચાલો આજથી જ આપણે આની શરૂઆત કરી દઈએ.

પ્રવચનના અંતે જિજ્ઞાસુઓને ઉત્સાહભેર પ્રશ્નોત્તરી કરી હતી. સ્વામીજીએ પણ તમામ જિજ્ઞાસુઓની શંકાઓનું સરળ ભાષામાં તાર્કિક અને શાસ્ત્રોક્ત એમ બંને રીતે સમાધાન કર્યું હતું. કાર્યક્રમ બાદ આભારદર્શન આર્યસમાજ મોરબીના ઉપપ્રમુખ ડૉ. વિજયસિંહ સીસોદીયાએ કરેલ.

તા. ૧૦ મી સપ્ટેમ્બરના રોજ રવિવારે સવારે ૭:૩૦ થી ૯:૩૦ દરમ્યાન ચિત્રકુટ સોસાયટી - ૩ ખાતે સાર્વજનિક સુંદર બાદ તથા યજ્ઞશાળાના પવિત્ર અને સુંદર રમણીય સ્થાન પર પૂ. સ્વામી વિવેકાનંદજીનો 'નિરાકાર ઈશ્વરની ઉપાસના તથા યજ્ઞ-ભજન-શંકા-સમાધાન'નો કાર્યક્રમ યોજાયો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ જગ્યાએ દરરોજ સવારે ૫:૪૫ થી ૬:૩૦ દરમ્યાન ૩૬૫ દિવસ યજ્ઞ કરવામાં આવે છે. સ્વામીજીએ માનવ જીવનમાં યજ્ઞની આવશ્યકતા વિશે ખૂબજ સુંદર અને સરળ ભાષામાં સમજણ આપી હતી.

આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદજીનું સ્વાગત શ્રી મણીભાઈ ગડારા કે જેઓ બેંકના નિવૃત્ત મેનેજર છે તેમણે કર્યું હતું. સ્વાગત બાદ પૂ. સ્વામીજીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે જીવન જીવવા માટે જેમ રોટી-કપડા અને મકાનની જરૂર પડે છે તેવી જ રીતે શુદ્ધ હવાની પણ આપણને એટલી જ જરૂર છે. અને પર્યાવરણને શુદ્ધ કરવા માટે હવન કરવો એ દરેક મનુષ્યનો પરમ ધર્મ છે. આમ તેમણે તમામ ઉપસ્થિત ધર્મપ્રેમીઓને દૈનિક યજ્ઞ કરવાની પ્રેરણા આપી હતી. અને જણાવ્યું હતું કે યજ્ઞ એ શ્રેષ્ઠ કાર્ય છે.

કાર્યક્રમના અંતમાં શંકા-સમાધાનના કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોની શંકાનું સ્વામીજીએ તાર્કિક સમાધાન કર્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ શ્રી વિજયભાઈએ કરી હતી.

## વૈદિક પરિવાર અને રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સંયુક્ત ઉપક્રમે

# ગાંધીનગર સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો






વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલના સહયોગથી આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮ ખાતે ત્રિદિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. શાળાની ૧૪૫ જેટલી વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલા આ વર્કશોપમાં વિષય નિષ્ણાત અને રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાએ પ્રશિક્ષણ આપ્યું હતું. જેમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ પ્રાણાયામ, ધ્યાન, આત્મનિરીક્ષણ જેવા વિષયોનું પ્રશિક્ષણ આપી મદદનીશ પ્રશિક્ષક તરીકે સેવાઓ પ્રદાન કરી હતી.

શ્રી અરવિંદભાઈ રાણાએ કહ્યું હતું કે જ્યાં સુધી તણાવના કારણોને જાણીને તેને દૂર કરી દેવામાં ન આવે ત્યાં સુધી તણાવ રહેવાનો જ છે. હા, પ્રાણાયામ, ધ્યાન, સકારાત્મક વિચારો વગેરેથી થોડી રાહત જરૂર મળે છે પણ તે સમસ્યાનું અંતિમ સમાધાન નથી. તેમણે વિદ્યાર્થી જીવનમાં ઉદ્‌ભવતા તણાવના વિવિધ કારણો ઉપર વિસ્તારથી ચર્ચા કરી તેને દૂર કરવાનાં ઉપાયો સમજાવ્યા હતા. તેમણે તણાવ દૂર કરવા હાર્ડ વર્કની સાથે સ્માર્ટ વર્ક કરવાની પદ્ધતિ શીખવી વિદ્યાર્થીનીઓને સ્માર્ટ વર્ક કરવા પ્રેરણા આપી હતી. ટાઈમ મેનેજમેન્ટ તથા વર્ગ ખંડમાં અભ્યાસ કરવાની પદ્ધતિની સાથે તેમણે અઘરા વિષયોને સરળતાથી સમજવા વિશેષ પ્રકારનું ધ્યાન કરતા શીખવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ સેક્ટર-૧૯ સ્થિત જીમખાનાનાં હોલમાં રાખવામાં આવ્યો હતો. સમાપન સમારોહનો પ્રારંભ વૈદિક યજ્ઞ દ્વારા કરવામાં આવ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓએ સ્વયં યજ્ઞ કાર્ય સંપન્ન કરાવ્યું હતું. ત્યારબાદ શાળાનાં આચાર્યા શ્રીમતી કુસુમબહેન ચૌહાણ, શ્રી જગતભાઈ કારાણી, શ્રીમતી અમીબહેન શાહ, પંડિત શૈલેન્દ્રજી શાસ્ત્રી વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે તમામ વિદ્યાર્થીનીઓને વિદ્યાર્થી અને તણાવ પુસ્તક તથા વર્કશોપમાં ભાગ લીધા અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

સમાપન સમારોહમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડા, ચાર્ટર પ્રેસિડન્ટ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વ આસી. ગવર્નર શ્રીમતી અમીબહેન શાહ, પૂર્વ પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, રોટે. શ્રી પાર્થભાઈ ઠક્કર, રોટે. સુશ્રી જયશ્રીબહેન ખેતીયા, વૈદિક પરિવારનાં શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, શ્રી કેશરીસિંહ વસાવા, શ્રી ગમનભાઈ પટેલ, શાળાનાં આચાર્યા શ્રીમતી કુસુમબહેન ચૌહાણ, રોટરેક્ટ પ્રેસિડેન્ટ શ્રી જય રાણા, સક્રેટરી શ્રી મહર્ષિ દવે, કોમ્યુનિટી સર્વીસ ડાયરેક્ટર શ્રી હેમલ પટેલ, ક્લબ ડાયરેક્ટર શ્રી ચાર્વાક ગુમાની સહિત અનેક રોટેરીયન અને રોટરેક્ટ સભ્યો હાજર રહ્યા હતા. મંચ સંચાલન સુશ્રી જયશ્રીબહેન ખેતીયાએ તથા આભારવિધિ રોટરેક્ટ ક્લબનાં સેક્રેટરી શ્રી મહર્ષિ દવેએ કરી હતી.

# પ્રદૂષણ નિવારક યજ્ઞ અભિયાન સમિતિ દ્વારા ઘાટકોપર ખાતે ૨૦૦ કુંડીય યજ્ઞનું અભૂતપૂર્વ આયોજન કરાયું

મુંબઈ

મુંબઈનાં ઘાટકોપર ખાતે ૨૦૦ કુંડીય યજ્ઞનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. પ્રદૂષણ નિવારક યજ્ઞ અભિયાન સમિતિ દ્વારા અનેક સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને આરોગ્ય સાથે સંકળાયેલી સંસ્થાઓને સાથે રાખીને આ ભવ્ય યજ્ઞ પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આગામી તા. ૨૨ થી ૨૪ સપ્ટેમ્બરનાં રોજ સવારે ૭ થી ૯ અને સાંજે ૪ થી ૫-૪૫ દરમ્યાન ઘાટકોપર (પૂર્વ)નાં પંતનગર પોલીસ સ્ટેશન સામે આવેલ આચાર્ય અત્રે મેદાનમાં ભવ્ય આયોજન કરવામાં આવનાર છે

આ યજ્ઞનાં બ્રહ્મા તરીકે આર્યવીર યુવા આચાર્ય બ્ર. અરૂણકુમાર રહેશે. તેમની સાથે પાણિનીયા પાઠશાલા, આલિયાબાદ, તેલંગાણાથી બ્રહ્મચારીઓ પણ આવી રહ્યાં છે. તેમના મુખેથી પવિત્ર વેદ મંત્રોના રસપાનનો પણ લાભ મળનાર છે.

આ કાર્યક્રમનાં વિશેષ આમંત્રિત પ્રમુખ વક્તા ડૉ. કમલ નારાયણ રહેશે. જેઓ છત્તિસગઢનાં રાયપુર શહેરથી આવીને યજ્ઞનું મહત્વ, લાભ અને રહસ્યોનું વૈજ્ઞાનિક વિવેચન કરશે. યજ્ઞ વિષયક શંકાઓનું સમાધાન પણ શિબિર દરમ્યાન કરવામાં આવશે.

શિબિરમાં દૈનિક યજ્ઞની વિધિનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવશે. યજ્ઞનાં મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ કેવી રીતે કરવું તેનું પણ પ્રશિક્ષણ આપવામાં આવનાર છે.

આ કાર્યક્રમ અંગે વધુ વિગતો મેળવવા મુંબઈ સ્થિત શ્રી વિનોદભાઈ વેલાણી- ૯૮૨૦૮૦૮૬૨૬, શ્રી પરેશભાઈ પ્રેમજીયાણી-૯૮૬૯૪૬૦૯૦૫, શ્રી સુરેશભાઈ છાભૈયા-૯૮૭૦૯૭૭૭૩૯, નરશીભાઈ પટેલ-૯૮૬૭૬૯૭૭૪૩ ઉપર સંપર્ક સાધવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમદાવાદ ખાતે આચાર્ય સત્યજીતજીનો સૈદ્ધાંતિક ચર્ચાનો ત્રિદિવસીય કાર્યક્રમ યોજાશે

અમદાવાદ



વૈદિક સિદ્ધાંતોની જાણકારી હેતુ વૈદિક સંસ્થાન, ઓઢવ દ્વારા આર્યસમાજ અમદાવાદનાં માધ્યમથી ત્રિદિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સૈદ્ધાંતિક ચર્ચા નામના આ પ્રકારનાં અગાઉના કાર્યક્રમમાં દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડનાં નિદેશક દાર્શનિક વિદ્વાન સંન્યાસી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકન ધર્મપ્રેમી જિજ્ઞાસુઓને માર્ગદર્શન આપવા ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમને મળેલી સફળતાને ધ્યાનમાં રાખીને હવે વૈદિક સંસ્થાન દ્વારા બીજો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ વખતે આચાર્ય સત્યજીતજી અજમેરથી ખાસ ઉપસ્થિત રહીને પોતાના જ્ઞાનનો લાભ આપનાર છે. આચાર્ય સત્યજિતજી ગંભીર અને સુક્ષ્મ દાર્શનિક વિષયોને અસરકારક અને સરળ શૈલીમાં પ્રસ્તુત કરી ઉપસ્થિત ધર્મપ્રેમી જિજ્ઞાસુઓની જ્ઞાન પીપાસા સંતોષશે. આચાર્ય સત્યજીતજી પણ આર્યજગતમાં ખૂબ જાણીતું નામ છે. તેઓ સ્વામી રામદેવજી દ્વારા સંચાલિત ગુરૂકુળમાં પણ બ્રહ્મચારીઓને દર્શન શાસ્ત્રો ભણાવી ચુક્યા છે. તેમના અનેક પ્રવચનો આસ્થા ચેનલ ઉપર પ્રસારિત થઈ ચુક્યા છે.આર્યસમાજ-કાંકરિયા, અમદાવાદ ખાતે આગામી ૨૨ અને ૨૩મી તારીખે સાંજે ૬ થી ૯ અને ૨૪મીનાં રોજ રવિવારે સાંજે ૪ થી ૭ દરમ્યાન કાર્યક્રમ યોજાનાર આ કાર્યક્રમમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું અનિવાય છે. આ ત્રણેય દિવસ દરરોજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઋષિલંગરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં ભાગ લેવા શ્રી સંજયભાઈ પ્રજાપતિ-૯૪૨૬૩૮૧૩૦૨ અથવા શ્રી રાજેશભાઈ પોકાર-૯૪૨૬૦૩૬૪૪૦ ઉપર સંપર્ક કરી શકાશે.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021